# સંક્રમણ ચરમસીમાએ : શહેરમાં ૫૦૯ નવા કેસ

## ૩૦૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું : ૨૦૫ મહિલા, ૧૧ બાળ દર્દી, ૫૦થી વધુ ૬૦ કે તેથી વધુ વયના લોકો સંક્રમિત : સે.૧૯માં સતત બીજે દિવસે ૨૪ કેસ, સે.૧૨માં ૨૦, સે.૨માં ૨૦ કેસ, સે.૭માં ૧૭, સે.૨૧માં ૧૫, સે.૨૨માં ૧૫, સે.૫માં ૧૪, સે.૨૯માં ૧૬, સે.૨૦માં ૧૦, સે.૨૫માં ૧૩ કેસ, સરગાસણમાં ૫૩, વાવોલમાં ૪૨, કુડાસણમાં ૨૦,પેથાપુરમાં ૧૯, બોરીજમાં ૭, પાલજમાં ૮ કેસ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે કોવિડ-૧૯ના વધુ ૫૦૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના દર્દીઓની સંખ્યા ૩ હજારને પાર કરી અને ૩૩૦૦ પર પહોંચી છે.

શહેરમાં સંક્રમણ તેની ચરમસીમાએ પહોંચ્યુ છે અને પહેલી તથા બીજી લ્હેરના વિક્રમો તોડી નાખ્યા છે. સંક્રમણ વધતાં તંત્ર પણ સ્તબ્ધ છે. આજે નોંધાયેલા કેસમાં ૫ દર્દીઓને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર અને સેક્ટરોમાં સતત કેસો વધી રહ્યા હોવાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. શહેરમાં સંક્રમણનો પોઝીટીવીટી રેટ ૧૭ ટકાએ પહોંચ્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં સંક્રમણ વધ્યુ છે સાથે સાથે મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેથી પણ તંત્ર ચિંતીત બન્યુ છે. શહેરમાં એક પણ સેક્ટર કે એક પણ ગામ એવુ નથી કે જ્યાં કેસ ન નોંધાયો હોય. કોમ્યુનીટી ટ્રાન્સમિશન ઝડપથી થતાં તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦૫ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. જયારે ૬૦ કે તેથી વધુ વય ધરાવતા દર્દીઓની સંખ્યા પણ ૫૦ થી વધુ છે.

શહેરમાં આજે ૧૦ વર્ષથી ઓછી વય ધરાવતા બાળ દર્દીઓની સંખ્યા ૧૧ નોંધાઈ છે. જેમાં પાંચ વર્ષની દિકરી સે. ૧૭, ૫ વર્ષનો દિકરો સરગાસણ, ૬ વર્ષની દિકરી વાવોલ, ૧ વર્ષનો દિકરો સરગાસણ, ૭ વર્ષનો દિકરો સે. ૨૭, ૬ વર્ષની દિકરી કુડાસણ, ૭ વર્ષની દિકરી કુડાસણ, ૧ વર્ષની દિકરી સરગાસણ, ૬ વર્ષની દિકરી સે. ૧૯, ૯ વર્ષનો દિકરો સે. ૩૦, ૯ વર્ષનો દિકરો સે. ૩૦ નો સમાવેશ થાય છે.

મહિલા, વયસ્કો અને બાળ દર્દીની સંખ્યા વધી રહી છે. શહેરમાં પરિવારોના પરિવાર અને યુગલો પણ સંક્રમિત થઈ રહ્યા છે. શહેરમાં કોરોનાની ગાઈડલાઈન્સના પાલન માટે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે તંત્રએ કડક તાકીદ કરી છે.

શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ કડક રીતે થાય તે જોવા જણાવાયુ છે.

શહેરમાં વી.આઈ.પી. ગણાતા સે. ૧૯ માં આજે સતત બીજે દિવસે ૨૪ કેસ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલ જે સેક્ટરમાં આવેલી છે તે સે. ૧૨માં આજે વધુ ૨૦ કેસ નોંધાયા છે. બીજી લ્હેરમાં અતિ સંવેદનશીલ બનેલ સે. ૨ માં આજે વધુ ૨૦ કેસ, સે. ૭ માં ૧૭, શહેરની આર્થિક જગતનું હૃદય ગણાતા સે. ૨૧માં ૧૫ કેસ, સે. ૧૭ માં ૧૨ કેસ, સે. ૧૩ માં ૮, સે. ૨૨ માં ૧૫ કેસ, સે. ૫ માં ૧૪ કેસ, સે. ૪ માં ૧૦, સે. ૨૯ માં ૧૭ કેસ, સે. ૨૦ માં ૧૦, સે. ૨૭ માં ૮, સે. ૨૫ માં ૧૩, સે. ૩૦ માં ૧૭, સે. ૧૪ માં ૮, સે. ૨૪ માં ૧૨, સે. ૧૫ માં ૪ કેસ નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં ૫૩, વાવોલમાં ૪૨, રાયસણમાં ૮, કુડાસણમાં ૨૦, સુઘડમાં ૧૭, કોબામાં ૩, કોલવડામાં ૪, ઈન્ફોસીટીમાં ૪, પેથાપુરમાં ૧૯, પાલજમાં ૮, બોરીજમાં ૭, રાંધેજામાં ૩, આદિવાડા, બાસણ, ઈન્દ્રોડમાં પણ કેસ નોંધાયા છે.

શહેરમાં કોરોનાના વધેલા સંક્રમણ સાથે રાહતના સમાચાર એ છે કે રિકવરી રેટ પણ સારો નોંધાયો છે. આજે ૩૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આમ છેલ્લા એક સપ્તાહમાં એક હજાર જેટલા દર્દીઓ રિકવર થયા છે અને તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૨૧૦૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને શહેરમાં ૧૭ હજાર લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા સાતસોથી વધુ છે. શહેરમાં ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા માટેની સૂચનાઓ પણ તંત્રને આપવામાં આવી છે.

### અધિકારીઓ સંક્રમિત થઈ રહ્યા છે : ૫૦ ટકા હાજરીના નિર્ણયની શક્યતા

ગાંધીનગર જિલ્લામાં એમાંય ખાસ કરીને શહેરમાં ઉચ્ચ અધિકારીઓ વધુ ને વધુ સંક્રમિત થઈ રહ્યા છે. મનપામાં કમિશનર, બે નાયબ મ્યુનિ. કમિશનર તેમજ ૨૫ જેટલા અધિકારીઓ કર્મચારીઓ સંક્રમિત થયા છે.

જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર, કલેક્ટર કચેરીના પી.આર.ઓ., પ્રાંત અધિકારી માણસા, પ્રાંત અધિકારી ગાંધીનગર પણ સંક્રમિત થયા છે.

પોલીસ અને આરોગ્યના કર્મચારીઓ પણ સંક્રમિત થયા છે ત્યારે નવી ગાઈડલાઈન્સમાં ૫૦ ટકા કર્મચારીઓથી કચેરી ચાલુ રાખવાનો નિર્ણય સરકાર જાહેર કરશે તેમ મનાઈ રહ્યુ છે.

### માણસામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ હવે ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલમાં થશે

ગાંધીનગર જિલ્લામાં માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલને આર.ટી.પી.સી.આર.ની મંજુરી આપી દેવામાં આવી છે. આ વખતની લ્હેરમાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ પર વધુ ભાર મુકવામાં આવ્યો છે. જિલ્લામાં આર.ટી.પી.સી.આર. ટેસ્ટ માત્ર ગાંધીનગર સિવિલમાં થતા હતા હવે માણસામાં પણ આ મંજૂરી મળતાં સિવિલ પરનું ભારણ ઓછુ થશે. માણસા ડિસ્ટ્રીક્ટ સબ હોસ્પિટલ ખાતે રોજના ૫૦૦ ટેસ્ટ થઈ શકશે તેટલી ક્ષમતા લેબોરેટરીની છે.

### સિવિલના કોરોના વોર્ડમાં માત્ર ચાર દર્દી દાખલ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં કોરોના કોહરામ મચાવી રહ્યો છે. પાટનગરમાં કોરોનાના કેસમાં સતત ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં કોરોના કેસનો આંકડો બે હજારને પાર કરી ગયો છે. ત્યારે કોરોના સંક્રમણને કાબુમાં કરવા માટે તંત્ર પણ દોડતુ થઈ ગયું છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં પાંચમાં માળે આવેલા કોરોના વોર્ડમાં માત્ર ૪ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે સિવિલમાં કોવીડી ઓપીડીમાં આરટીપીસીઆર ટેસ્ટ કરવા માટે નગરજનોની લાંબી લાઈનો લાગે છે. કોરોનાના કેસ કુદકે ને ભુસકે વધતા તંત્ર દ્વારા કોવીડ ગાઈડ લાઈન્સની ચુસ્ત અમલવારી માટે સુચનાઓ આપી દીધી છે. તે ઉપરાંત નાગરીકોને કોરોના સંક્રમણથી બચવા માટે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરવા માટે પણ તંત્ર દ્વારા જણાવાયું છે.

## શહેરમાં ટેસ્ટીંગ માટે ફરી લાઈનો

### સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨૧ અને સિવિલ હોસ્પિટલમાં ટેસ્ટ માટે વસાહતીઓ ઉમટ્યા



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે. હજુ એક મહિના પહેલા જે ટેસ્ટિંગ સેન્ટરોમાં કાગડા ઉડતા હતા ત્યાં આજે ટેસ્ટિંગ માટે લાંબી કતારો જોવા મળી રહી છે. દર ત્રણ ટેસ્ટમાંથી એક ટેસ્ટ પોઝીટીવ આવી રહ્યો છે.

છેલ્લા વીસેક દિવસથી કોરોનાના કેસોમાં ભયંકર ઉછાળો આવ્યો છે. દિન પ્રતિદિન નવા કેસો રેકોર્ડ સ્તરે પહોંચી રહ્યા છે. શહેરમાં તો કોરોનાના કેસો જાણે ઘેર ઘેર જોવા મળી રહ્યા છે. નવો એમિક્રોન વેરીયન્ટ ખુબ જ ઝડપથી ફેલાતો હોવાથી પોઝીટીવીટી રેટ ખુબ વધ્યો છે. હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા વધી રહી છે. જો કે ત્રીજી લહેરના દર્દીઓ વધુ ગંભીર ન હોવાથી હોસ્પિટલાઈઝેશન ઓછુ છે. દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી રહ્યા છે. શરદી, ખાંસી અને તાવના કેસો ખુબ વધુ છે. તાવ વધુ હોય તો ડોક્ટરો ટેસ્ટીંગની સલાહ આપી રહ્યા છે. ટેસ્ટીંગ કરાવનારાઓની સંખ્યા વધતા ટેસ્ટીંગ સેન્ટરો પર ભીડ જોવા મળી રહી છે. સેક્ટર-૨૧ અને સેક્ટર-૨ અર્બન હેલ્થ સેન્ટર ખાતે રેપીડ એન્ટીજન ટેસ્ટ થાય છે તો સિવિલમાં આરટીપીસીઆર ટેસ્ટ થાય છે. આ ઉપરાંત ખાનગી લેબોરેટરીઓમાં પણ કોરોનાના ટેસ્ટીંગ થઈ રહ્યા છે. પોઝીટીવીટી રેટ હાલમાં ખુબ વધુ છે. દર ત્રણમાંથી એક દર્દી કોરોના પોઝીટીવ આવી રહ્યો છે. શહેરમાં કોરોનાના દર્દીઓ ખુબ વધુ છે તે પૈકી ટેસ્ટ કરાવવા અમુક જ દર્દીઓ જાય છે. તેમ છતાં ટેસ્ટીંગ માટે લાંબી કતારો જોવા મળે છે.

કોરોનાની રસીના બુસ્ટર ડોઝ આપવાની કામગીરી પણ હેલ્થ વિભાગે શરૂ કરી હોવાથી રસીકરણ કેન્દ્રો પર પણ ભીડ જોવા મળી રહી છે. શૈક્ષણિક સંસ્થાઓ, પોલીસ વિભાગ અને સરકારી કચેરીઓમાં કોરોનાના કેસો ખુબ વધુ છે. આગામી દિવસોમાં વધુ સાવધાનીની જરૂરીયાત છે.

# ગ્રામ્ય વિસ્તારમાં નવા ૨૨૫ કેસ

## બે દર્દીઓના મોત : ૧૩૪ દર્દી સાજા થતાં ડિસ્ચાર્જ અપાયું

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૨૨૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં આવેલા ઉછાળાથી તંત્ર સ્તબ્ધ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૩૫૯ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસમાં ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં બે દર્દીના મોત થયા છે. એક માણસા તાલુકામાં દર્દીનું મોત થયુ છે જે ગાંધીનગર સિવિલિમાં સારવાર હેઠળ હતા. કસ્તુરીનગર શેરથા ખાતે પણ એક દર્દીનું મોત થયુ છે જે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધ્યુ છે તેમજ આજે નોંધાયેલા કેસોમાંથી ૨૨૧ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવાની સૂચના તંત્રએ તમામ તાલુકામાં આપી છે.

આજે નોંધાયેલા કેસોમાં ૪૦ વિદ્યાર્થી અને ૯૦ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે ૪ વર્ષની દિકરી, અડાલજમાં ૯ વર્ષનો દિકરો, કલોલના બોરીસણામાં ૧૦ વર્ષનો દિકરો, કલોલ અર્બન-૨ વિસ્તારમાં ૬ વર્ષનો દિકરો અને ૬ વર્ષની દિકરી, ૮ વર્ષનો દિકરો, બિલોદરામાં ૫ વર્ષની દિકરી, અંબોડમાં ૯ વર્ષની દિકરી કોરોનાથી સંક્રમિત થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ૧૦ વર્ષથી નીચેના બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાત તેમજ મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માણસામાં ૪૨, કલોલમાં ૮૦, ગાંધીનગરમાં ૮૯, દહેગામમાં ૧૪ દર્દીઓ નોંધાયા છે. કલોલ ગાંધીનગર અને માણસામાં દર્દીઓ વધતા તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

### ૧૦ વર્ષથી નીચેની વયના ૮ બાળકો સંક્રમિત થયા : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માણસામાં ૪૨, કલોલમાં ૮૦, ગાંધીનગરમાં ૮૯, દહેગામમાં ૧૪ દર્દીઓ નોંધાયા

જિલ્લાના સેમી અર્બન વિલેજમાં કેસો વધી રહ્યા છે તે પણ તંત્ર માટે ચિંતાજનક બન્યા છે. વયસ્કોની પણ સંખ્યા વધી રહી છે.

દહેગામમાં આજે દહેગામ શહેરમાં ૫, રખિયાલમાં ૨ ઉપરાંત ચેખલાપગી, ધનિયોલ, ધારીસણા, મીરઝાપુર, પાલૈયા, સાંપા, સામેચીમાં કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં આદરજ મોટી, ઉવારસદ, જાખોરા, સોનારડા, જલુંદ, સરઢવ, છાલામાં ૩-૩ કેસ, પ્રાંતિયા-રૂપાલ-ઉનાવા-મગોડીમાં ૨-૨ કેસ નોંધાયા છે.

સી.આર.પી.એફ. કેમ્પમાં ૯, બી.એસ.એફ. કેમ્પમાં ૧૬ કેસ નોંધાયા છે. પ્રસિદ્ધ પ્રવાસધામ અડાલજમાં ૨૧ કેસ નોંધાયા છે. આ ઉપરાંત ગિયોડ, લવારપુર, મોટા ચિલોડા, ઈસનપુર મોટા, કરાઈ, લિમ્બડિયા, કસ્તુરીનગર શેરથા, મુબારકપુર, પીંડારડામાંથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં આજે ૮૯ કેસ નોંધાયા છે. જેમાં કલોલ શહેરમાં ૨૧, બોરીસણમાં ૧૫, નારદીપુરમાં ૮, શાંતિગ્રામ અદાણીમાં ૬, પાનસરમાં ૭, હાજીપુરમાં ૫, ખાત્રજમાં ૨, મોટી ભોંયણમાં ૨, છત્રાલમાં ૨, વડસરમાં ૨ તેમજ નાંદોલી, ભાડજ, સાંતેજ, પલસાણા, વામજમાં પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં માણસા અર્બનમાં ૧૯ કેસ, પુંધરામાં ૩, સોજામાં ૨, લીંબોદ્રામાં ૩, બાલવામાં ૩, ખડાતમાં ૨ ઉપરાંત ઈન્દ્રપુરા, સોલૈયા, મહુડી, ઈટાદરા, વરાડ, માણકેપુર, રામપુર, દેલવાડામાં પણ કેસ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો પૈકી ૨૨૧ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૧૮૦ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૬ માઈક્રોકન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયા છે. જિલ્લામાં આજે ૭૫૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.



ગણતંત્ર દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જો કે જે ગ્રાઉન્ડમાં ગણતંત્ર દિવસની ઉજવણી થવાની છે તે રામકથા મેદાનમાં ગટરનું પાણી ભરાઈ ગયુ છે. છેલ્લા ઘણા દિવસોથી અહીં ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાય છે. જેનો ઉકેલ લાવવા અનેક પ્રયાસો કરવામાં આવ્યા પરંતુ તેનો ઉકેલ આવતો નથી.

# રાજ્ય સરકારના ૧૨ જેટલાં બોર્ડ-નિગમોના ચેરમેનોના રાજીનામાં

## ખાલી પડેલી જગ્યાઓ પર એક સપ્તાહમાં નવી નિયુક્તિ જાહેર કરાશે : ૩૦ જેટલાં બોર્ડ-નિગમોના ચેરમેનોની મુદત પુરી થઇ ગઇ હતી તેથી હજુ વધુ રાજીનામાની શક્યતા : ચુંટણી પહેલાં તમામ બોર્ડ-નિગમોના ચેરમેન બદલાશે તેવી ચર્ચા

ગાંધીનગર તા.૨૦

ગુજરાતમાં મુખ્યમંત્રી, ડેપ્યુટી મુખ્યમંત્રી અને તમામ મંત્રીઓ સહિતની સરકારને એક જ ઝાટકે બદલી નાખવામાં આવી હતી, હવે રાજ્ય સરકારના બોર્ડ નિગમના ચેરમેનોને બદલવાનું શરૂ કરવામાં આવ્યું છે જે અંતર્ગત આજે ૧૨ જેટલાં બોર્ડ-નિગમોના ચેરમેનોના રાજીનામા લઈ લેવામાં આવ્યાં હતા. પ્રાપ્ત માહિતી અનુસાર બોર્ડ-નિગમોની ખાલી પડેલી ચેરમેનોની જગ્યા પર એક સપ્તાહમાં નવી નિયુક્તિ જાહેર કરાશે.

આજે મ્યુનિસિપલ ફાન્યનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરી, જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલીયા સહિત સંગીત નાટ્ય અકાદમીના ચેરમેન પદેથી પંકજ ભટ્ટ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મધુ શ્રીવાસ્તવ સહિતના ૧૨ જેટલાં વિવિધ બોર્ડ-નિગમના ચેરમેનોએ પોતાના પદ પરથી રાજીનામાં આપ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે ૩૦થી વધુ બોર્ડ નિગમના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનની મુદત અગાઉથી સમાપ્ત થઈ ચૂકી છે તેથી આગામી દિવસોમાં વધુ રાજીનામાં લેવાય તેવી શક્યતાઓ પૂરેપૂરી છે.

આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ગુજરાત સરકાર દ્વારા ધરખમ ફેરફારો કરવામાં આવી રહ્યા છે. આજથી રાજ્યમાં સરકાર હસ્તકના બોર્ડ-નિગમોના ચેરમેનના રાજીનામા લેવાની શરુઆત થઈ ચુકી છે. કુલ ૭૮ જેટલાં બોર્ડ-નિગમો પૈકી અત્યારે ૧૨ જેટલાં બોર્ડ-નિગમોના ચેરમેનોના રાજીનામા લઈ લેવામાં આવ્યાં છે અને આગામી સમયમાં તબક્કાવાર બાકીના બોર્ડ-નિગમોના ચેરમેનના રાજીનામા લઈ લેવાશે તેવું ચર્ચાઈ રહ્યું છે. આ સમગ્ર કવાયત ભાજપ દ્વારા આગામી

● અનુસંધાન પાન-૭ પર

### કોણે કોણે રાજીનામું આપ્યું

- મ્યુનિસિપલ ફાન્યનાન્સ બોર્ડના ચેરમેન ધનસુખ ભંડેરી,
- બિન અનામત નિગમના ચેરમેન બાબુભાઈ ઘોડાસરા,
- બિન અનામત આયોગના ચેરમેન હંસરાજ ગજેરા,
- મહિલા આયોગના ચેરમેન લીલાબેન અંકોલીયા,
- લઘુમતિ બોર્ડના ચેરમેન સજ્જાદ હિરા,
- ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન મુળુભાઈ બેરા,
- ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મધુ શ્રીવાસ્તવ,
- જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત.
- ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેન આઈ. કે. જાડેજા
- ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના ચેરમેન પંકજ ભટ્ટ
- બિન અનામત નિગમના વાઈસ ચેરમેન વિમલ ઉપાધ્યાય
- પ્રફુલભાઈ શેઠ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | ASTRAL PIPES | PRINCE PIPING SYSTEMS | Jaquar experience bathing | DR. FIXIT | Birla White THE WHITEST WHITE CEMENT | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com